પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૮૨ • કુલ પાના : ૪ • તારીખ : ૨૫-૦૭-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં નીરજને સિલ્વર મળ્યો: ૧૯ વર્ષ બાદ દેશને મેડલ મળ્યો



નવીદિલ્હી,
ભારતના જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ અમેરિકાના યૂઝીનમાં ૧૮મી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો છે.તેણે ૮૮.૧૩ મીટર ભાલો ફેંકીને આ મેડલ હાંસલ કર્યો હતો. ગોલ્ડ ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે ૯૦.૪૬ મીટર ભાલા ફેંકમાં જીત મેળવી હતી. આ ઈવેન્ટમાં ભારતનાં રોહિત યાદવ પણ હતા. તેણે ૭૮.૭૨ મીટરના જેવલિન થ્રો સાથે ૧૦મું સ્થાન મેળવ્યું હતું.

પીએમ મોદીએ લખ્યું "અમારા સૌથી ખાસ એથ્લેટમાંથી એકની શાનદાર સિદ્ધિ. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઐતિહાસિક સિલ્વર મેડલ મેળવનાર નીરજ ચોપરાને જીત બદલ અભિનંદન. ભારતીય રમતો માટે આ ક્ષણ ખાસ છે. આગામી સ્પર્ધાઓ માટે નીરજને શુભકામનાઓ." ૩૯ વર્ષ જૂની વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતનું ગોલ્ડ જીતવાનું સપનું પૂરું થઈ શક્યું નથી. જો કે, ૧૯ વર્ષ બાદ આ ચેમ્પિયનશિપમાં દેશને મેડલ મળ્યો છે. નીરજ પહેલા અંજુ બોબી જ્યોર્જે ૨૦૦૩માં લોન્ગ જંપમાં બ્રોન્ઝ જીત્યો હતો. નીરજ આ ચેમ્પિયનશિપમાં સિલ્વર જીતનાર પ્રથમ એથ્લેટ બની ગયો છે. તેમજ તે પ્રથમ ભારતીય પુરૂષ એથ્લેટ્સ છે, જેણે આ ચેમ્પિયનશિપમાં કોઈ મેડલ જીત્યો છે.

નીરજે ગયા વર્ષે ઓલિમ્પિકમાં ૧૨૦ વર્ષના દુષ્કાળનો અંત લાવ્યો હતો અને ભારત માટે ટ્રેક એન્ડ ફિલ્ડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે આ મેડલ લાવનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આયોજન સૌપ્રથમ ૧૯૮૩માં કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ભારત પાસે એક પણ ગોલ્ડ મેડલ નથી. પુરૂષ ખેલાડીઓ આજ સુધી એક પણ મેડલ જીતી શક્યા નથી. નીરજ ચોપરાના ગામ પાણીપતનાં ખાંદ્રા ખાતે ગ્રામજનો જેવલિન ફાઈનલનું લાઈવ ટેલિકાસ્ટ જાઈ રહ્યા હતાં.

૨૪ વર્ષીય ભારતીય સ્ટાર કોણીની સર્જરીને કારણે ગઈ સિઝનમાં રમી શક્યો ન હતો. ૨૦૧૭ની સિઝનમાં પણ તે ફાઈનલ માટે ક્વોલિફાય થઈ શક્યો નથી. તેણે ૮૨.૨૬ મીટરનો સ્કોર કર્યો હતો.વિજય બાદ નીરજ ચોપરાએ કહ્યું હતું કે પવનને કારણે થોડી મુશ્કેલી થઈ હતી. પરંતુ હું મારું સર્વશ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરીશ. સ્પર્ધા અઘરી હતી, ઘણું શીખવાનું હતું.

નીરજ ચોપરાએ કહ્યું કે હું હંમેશા કહેતો આવ્યો છું કે દરેક એથ્લેટનો એક દિવસ હોય છે. શાબાશ પીટર્સ, આજે પીટર્સનો દિવસ હતો. ઓલિમ્પિકની વાત કરીએ તો પીટર્સ ફાઈનલમાં પણ પહોંચી શક્યા ન હતા. દરેક એથ્લેટ માટે તે ખૂબ જ પડકારજનક છે, દરેક એથ્લેટનું શરીર પણ અલગ છે. ક્યારેય કોઈની સરખામણી થઈ શકતી નથી. બધા હાંફી ગયા. અમે પણ ઘણો પ્રયત્ન કર્યો. સખત સ્પર્ધા હતી. આજની રમતમાંથી ઘણું શીખવા મળ્યું.

જીત બાદ નીરજ ચોપરાએ કહ્યું કે સિલ્વર ખૂબ જ ખુશ છે. તેમણે કહ્યું કે કોઈ અલગ વ્યૂહરચના નથી. ક્વોલિફિકેશન રાઉન્ડમાં ખૂબ જ સારો ફેંકાયો હતો. દરેક દિવસ અલગ છે. અમે હંમેશા અમે વિચારીએ છીએ તે પરિણામો મળતા નથી, પરંતુ તે એક અઘરી લડાઈ હતી, અમે પાછા આવ્યા અને સિલ્વર જીત્યો.

રવિવારનો દિવસ અને સમય લગભગ સવા સાત વાગ્યાનો. પુત્ર સાત સમુદ્રની પાર અમેરિકામાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે, તો હજારો કિલોમીટર દૂર હરિયાણાના ખાંદ્રા ગામમાં સંખ્યાબંધ આંખો ટેલિવિઝનની સ્ક્રીન પર ટકેલી હતી. પુત્રએ પોતના લયમાં ભાલો ફેંક્યો...અને સિલ્વર મેડલને પોતાના નામે કરી દીધો. વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં મેડલ જીત્યા પછી નીરજની મા સરોજે તેમની કાકીને મીઠાઈ ખવડાવી હતી.

ઓલિમ્પિકના ગોલ્ડન બોય નીરજ ચોપડાએ વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં સિલવર જીતતા જ પિતાની આંખમાં આસુ આવી ગયા. માતા ડાન્સ કરવા લાગી અને ગામના લોકોને લાડુ વહેંચવા લાગી. નાચતા-નાચતા માતાએ કહ્યું- પુત્ર જેવો ઘરે આવશે, તેને ચુરમું ખવડાવીશ. ઉજવણી દેશની રાજધાની દિલ્હીમાં પણ થઈ અને વડાપ્રધાને કહ્યું- આ ખાસ પ્રસંગ છે.

નીરજના પિતા સતીશ કુમારે પોતાના પુત્રની આ ખાસ ઉપલબ્ધિ પર ઉજવણી કરતા કહ્યું કે હાલ તેણે દેશ માટે ગોલ્ડ પણ લાવાનો છે. નીરજની માતા સરોજ દેવીએ કહ્યું કે તે ખૂબ જ ખુશ છે. કઠણ પરિશ્રમનું ફળ મળ્યું. અમને પાક્કી ખાતરી હતી કે તે આ ઈવેન્ટમાં મેડલ જીતશે.

## છત્તીસગઢમાં ટીએસ સિંહદેવનું મંત્રાલય બીજા નેતાને સોંપી દેવાયું,ભાજપે અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યો છે

### ભાજપનો કોંગ્રેસ સરકાર પર કાનુન વ્યવસ્થા અને કિસાનોના કલ્યાણ સહિત તમામ મોરચા પર નિષ્ફળ હોવાનો આરોપ





રાયપુર,
છત્તીસગઢ કોંગ્રેસમાં પરસ્પરની લડાઇ તેજ થઇ ગઇ છે.મુખ્યમંત્રી ભુપેશ બઘેલે વરિષ્ઠ મંત્રી ટી એસ સિંહદેવનું રાજીનામુ સ્વીકાર કર્યું છે તાજેતરમાં ટીએસ સિંહદેવે પંચાયત અને ગ્રામીણ વિકાસ વિભાગમાંથી રાજીનામુ આપી દીધુ હતું હવે મુખ્યમંત્રી ભુપેશ બઘેલે પંચાયત અને ગ્રામીણ વિકાસ વિભાગનો હવાલો રવિન્દ્ર ચૌબેને આપી દીધો છે. હવે ટીએસ સિંહદેવની પાસે ફકત આરોગ્ય વિભાગ છે.

એ યાદ રહે કે વિધાનસભામાં ભાજપે ભુપેશ બંધેલના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારની વિરૂધ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યો હતો.ચોમાસા સત્રના બીજા દિવસે વિરોધ પક્ષોએ મંત્રીપરિષદ પર અવિશ્વાસ વ્યકત કરી પ્રસ્તાવ રજુ કર્યો છે.જયારે અધ્યક્ષ ચરણ દાસ મહંતેએ પ્રસ્તાવ નોટીસ વાંચી અને ૨૭ જુલાઇએ તેના પર ચર્ચાનો સમય નક્કી કર્યો છે.એ યાદ રહે કે ૯૦ સભ્યોવાળી વિધાનસભામાં કોંગ્રેસના ૭૧ ધારાસભ્યો છે.ભાજપના ૧૪,જેસીસી(જે)ના ત્રણ અને બસપાના બે ધારાસભ્યો છે.

વિરોધ પક્ષના નેતા ધરમલાલ કૌશિકે કહ્યું હતું કે ભાજપે કોંગ્રેસ સરકાર પર કાનુન વ્યવસ્થા અને કિસાનોના કલ્યાણ સહિત તમામ મોરચા પર નિષ્ફળ હોવાનો આરોપ લગાવતા તેમની વિરૂધ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટીસ આપી હતી.રાજયમાં એક બંધારણીય સંકટ છે કારણ કે એક મંત્રી (ટીએસ સિંહ દેવ જેમણે પોતાનો એક વિભાગ છોડી દીધો છે)તેમને જ પોતાની સરકાર પર વિશ્વાસ વ્યકત કર્યો નથી

માનવામાં આવી રહ્યું છે કે રાજયમાં અઢી અઢી વર્ષ મુખ્યમંત્રી પદની ફોર્મ્યુલા લાગુ ન થવા અને તેની ઉલટ ટી એન સિંહદેવને સતત કિનારે કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.સિંહદેવની વિરૂધ્ધ તેમના જ વિસ્તારમાં બઘેલ સમર્થક ધારાસભ્યોએ મોરચો ખોલી દીધો હતો આવામાં સિંહદેવે પંચાયત અને ગ્રામીણ મંત્રાલયથી રાજીનામુ આપી દીધુ છે.

એ યાદ રહે કે મુખ્યમંત્રી નિવાસ પર કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક થઈ હતી જેમાં સિંહદેવ સામેલ થયા ન હતાં એટલું જ નહીં કોંગ્રેસના ૭૧માંથી ૬૪ ધારાસભ્યો જ બેઠકમાં સામેલ થયા વિધાનસભાની બેઠકથી સિંહદેવ સહિત કુલ સાત ધારાસભ્યોએ કિનારો કરી લીધો હતો આવામાં કોંગ્રેસની અંદર શરૂ થયેલી તનાતની હવે જમીન પર આવી ગઇ છે.બઘેલના નેતૃત્વવાળી સરકાર પર સંકટ ભલે નજરે પડી રહ્યું ન હોય પરંતુ ટી એસ સિંહદેવ સિંહની સાથે કોંગ્રેસના અન્ય ધારાસભ્યો જોડાશે તો ખતરો ઉભો થઇ શકે છે.

## મહારાષ્ટ્ર ખેડૂત આત્મહત્યાથી મુક્ત થશે : મુખ્યમંત્રી

## છેલ્લા ૨૪ દિવસમાં ૮૯ ખેડૂતોએ જીવ આપ્યો છે ,મરાઠાવાડમાં ૫૪, યવતમાલમાં ૧૨, જલગાંવમાં ૬, ખેડૂતોની આત્મહત્યા

મુંબઇ,
મહારાષ્ટ્રમાં સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે શપથ લીધા હતા, ત્યારે સીએમ શિંદેએ બે મોટા વચનો આપ્યા હતા. એક તો તમામ વિકાસ સંબંધિત પ્રોજેક્ટોને ઝડપી ગતિએ આગળ ધપાવશે અને મહારાષ્ટ્રને ખેડૂત આત્મહત્યાથી મુક્ત રાજ્ય બનાવશે. ગઈકાલે (૨૩ જુલાઈ, શનિવાર) સીએમ એકનાથ શિંદેએ કહ્યુ હતું કે તે ૩૦ જુલાઈથી સમગ્ર મહારાષ્ટ્રનો પ્રવાસ કરવા જઈ રહ્યા છે. તેઓ ખાસ કરીને પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને ખેડૂતોના નુકસાનની સમીક્ષા કરશે. આ દરમિયાન, છેલ્લા ૨૪ દિવસમાં ૮૯ ખેડૂતોએ આત્મહત્યા કરી હોવાના આંકડા સામે આવ્યા છે.

મુખ્યમંત્રી કાર્યાલયમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, સીએમ શિંદે અઠવાડિયામાં ચાર દિવસ મંત્રાલયનું કામ જોશે અને ત્રણ દિવસ રાજયના ખેડૂતો અને શ્રમજીવી લોકોની સ્થિતિ જાણવા રાજ્યની મુલાકાતે રહેશે. જેથી જનતા અનુભવે કે પોતાના જ મુખ્યમંત્રી સિંહાસન પર બેઠા છે. હાલમાં ૧૦.૩૦ કલાકે સીએમ શિંદે વિશેષ વિમાન દ્વારા દિલ્હી જવા રવાના થઈ રહ્યા છે. આવતીકાલે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિની શપથવિધિ છે. તેઓ આ કાર્યક્રમમાં ભાગ લેવાના છે. દેવેન્દ્ર ફડણવીસ ભાજપ શાસિત રાજયોના મુખ્યપ્રધાનો અને નાયબ મુખ્યપ્રધાનોની ખૂબ જ મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી જવા રવાના થઈ ચૂક્યા છે.

સરકારની ખાતરીઓ હવામાં છે. પરંતુ કુદરતના કહેરની અસર જમીન પર દેખાઈ રહી છે. કુદરતનો મોટાભાગનો કહેર મરાઠાવાડની ધરતી પર વરસ્યો છે. છેલ્લા ૨૪ દિવસમાં દેવું ન ચૂકવવાને કારણે આત્મહત્યા કરનારા ૮૯ ખેડૂતોમાંથી ૫૪ તો મરાઠાવાડના છે. ઉત્પાદન વધારવા માટે સતત મદદ અને યોજનાઓનો અભાવ, વધતા જતા ખેતી ખર્ચને પહોંચી વળવા વધતું દેવું અને આ રીતે ઘટતી આવકમાં પૂર અને તેમાં પણ વરસાદ કહેર બનીને આવ્યો, આ કારણોસર આટલી મોટી સંખ્યામાં ખેડૂતોએ જીવ ગુમાવ્યા.

ખેડૂતો માટે જાહેરાતો ઘણી છે પરંતુ તેનો અમલ કરવાનો બાકી છે. ઘણા જિલ્લાઓમાં હજુ સુધી વરસાદ અને પૂરના કારણે થયેલા નુકસાનના સર્વે પૂર્ણ થયા નથી. મંત્રીમંડળનું વિસ્તરણ પણ થયું નથી. આ જાહેરાતો ધીરે ધીરે અમલમાં આવશે. ત્યાં સુધી સંખ્યા વધતી રહેશે. અત્યાર સુધીમાં મરાઠાવાડમાં ૫૪, યવતમાલમાં ૧૨, જલગાંવમાં ૬, બુલઢાણામાં ૫, અમરાવતીમાં ૪, વાશિમમાં ૪, અકોલામાં ૩ અને ચંદ્રપુર-ભંડારામાં ૨ ખેડૂતોએ આત્મહત્યા કરી છે

## ભારતીય નૌકાદળમાં 'અગ્નિપથ' યોજના હેઠળ ૩ લાખથી વધુ અરજીઓ મળી

નવીદિલ્હી,
ભારતીય નૌકાદળમાં હાલ ભરતીની જાહેરાત કરવામાં આવી હતી, નૌકાદળ અગ્નિવીર ભરતી માટે અધધ અરજીઓ મળી છે,જે અગ્નિવીરોની લોકપ્રિયતા સાબિત કરે છે. આ અંતર્ગત અરજી કરવાની છેલ્લી તારીખ ૨૨ જુલાઈ રાખવામાં આવી હતી. હાલમાં, સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી છે કે ભારતીય નૌકાદળમાં 'અગ્નિપથ' યોજના હેઠળ ભરતી માટે ૩ લાખથી વધુ અરજીઓ મળી છે.

સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ ટ્વીટ કર્યું કે નેવીમાં અગ્નિવીરોની જગ્યાઓ માટે અત્યાર સુધીમાં કુલ ૩,૦૩,૩૨૮ અરજીઓ મળી છે. એક ટ્વિટમાં, સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ લખ્યું, "ભારતીય નૌકાદળમાં અગ્નિવીર માટે અત્યાર સુધીમાં કુલ ૩,૦૩,૩૨૮ અરજીઓ મળી છે૫ ૨૨મી જુલાઈ સુધી ૩,૦૩,૩૨૮ અરજીઓ મળી છે."ઉલ્લેખનીય છે કે ભારતીય નૌસેનાએ ૨ જુલાઈના રોજ અગ્નિવીર યોજના હેઠળ ભરતી પ્રક્રિયા શરૂ કરી હતી. આ યોજના આ વર્ષે ૧૪મી જૂને લોન્ચ કરવામાં આવી હતી. જે બાદ દેશના મોટાભાગના ભાગોમાં આ અંગે વિરોધ જોવા મળ્યો હતો. હાલમાં, સાડા ૧૭ થી ૨૧ વર્ષની વયજૂથના યુવાનોને ચાર વર્ષના કાર્યકાળ માટે આ યોજના હેઠળ સામેલ કરવામાં આવશે.

અગ્નિપથ યોજના હેઠળ ભરતી કરાયેલા ૨૫ ટકા યુવાનોને ચાર વર્ષ પછી નિયમિત સેવામાં સામેલ કરવામાં આવશે. હાલમાં ભારે વિરોધ વચ્ચે કેન્દ્ર સરકારે ૧૬મી જૂને આ યોજના હેઠળ ભરતી માટેની મહત્તમ વય મર્યાદા આ વર્ષે ૨૧થી વધારીને ૨૩ વર્ષ કરી હતી.

## સતત વધતી મોંઘવારી મુદ્દે આરએસએસએ ચિંતા વ્યક્ત કરી ચિંતા




નવીદિલ્હી,
આરએસએસના જનરલ સેક્રેટરી દત્તાત્રેય હોસબાલેએ કહ્યુ કે મોંઘવારી અને ખાદ્ય પદાર્થોની કિંમતો મુદ્દે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ. લોકો ભોજન, વસ્ત્ર અને મકાનોના પોસાય તેવા ભાવ હોય તેમ ઈચ્છે છે કેમ કે આ મૂળભૂત જરૂરિયાતો છે. હોસબાલેએ ભારતને ખેતીમાં સ્વાવલંબી બનાવવા માટે અત્યાર સુધીની તમામ સરકારોને શ્રેય આપ્યો. આવશ્યક વસ્તુઓ તમામને પોસાય તેવી કિંમતો પર મળવી જોઈએ પરંતુ આનો ભાર ખેડૂતો પર નાખવો જોઈએ નહીં.

આરએસએસ સાથે સંલગ્ન ભારતીય ખેડૂત સંઘ, ભારતીય કૃષિ સંશોધન પરિષદ અને ઈન્ડિયન સેન્ટર ફોર એગ્રીકલ્ચર ઈકોનોમિક રિસર્ચ આયોજિત એક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં હોસબાલેએ આ વાત કહી.અમૂલના મેનેજિંગ ડાયરેક્ટર આર એસ સોઢી દ્વારા મોંઘવારી અને ખાદ્ય પદાર્થોની કિંમતો વિશે કરવામાં આવેલી એક રજૂઆતનો ઉલ્લેખ કરતા હોસબાલેએ કહ્યુ, મોંઘવારી અને ખાદ્ય પદાર્થોની કિંમતો વિશે ગંભીરતાપૂર્વક વિચાર કરવાની જરૂર છે. હોસાબલેએ એ સૂચન આપ્યુ કે લોકો ઓદ્યોગિક ઉત્પાદનો માટે વધારે ચૂકવણી કરવા માટે તૈયાર છે પરંતુ ખાદ્ય પદાર્થો માટે નહીં, સાથે જ કહ્યુ કે સહકારી સમિતિઓ આ સંબંધે મોટી ભૂમિકા નિભાવી શકે છે. છેલ્લા ૭૫ વર્ષમાં કૃષિમાં વિકાસ આપણા સૌ માટે ગર્વની વાત છે.

## દેશમાં કોરોનાના વધઘટ સાથે આજે નવા ૨૦ હજારથી વધુ કેસ, ૩૬ દર્દીઓના મોત

નવીદિલ્હી
ભારતમાં કોરોના સંક્રમણના ૨૦ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં આ વાયરસના કારણે ૩૬ દર્દીઓના મોત થયા છે. આજે જાહેર કરાયેલા આંકડા અનુસાર, દેશભરમાંથી ૨૦,૨૭૯ નવા કેસ સામે આવ્યા બાદ હવે સંક્રમિત લોકોની કુલ સંખ્યા વધીને ૪,૩૮,૮૮,૭૫૫ થઈ ગઈ છે. તે જ સમયે, ચેપને કારણે અત્યાર સુધીમાં ૫,૨૬,૦૩૩ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે શનિવારની સરખામણીએ આજે ??ભારતમાં સંક્રમણના ઓછા કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક પણ પાછલા દિવસની સરખામણીએ ઓછો છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર દેશમાં સક્રિય કોરોના દર્દીઓની સંખ્યા હવે વધીને ૧,૫૨,૨૦૦ થઈ ગઈ છે, જે કુલ કેસના ૦.૩૫ ટકા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોવિડ-૧૯ના ૧૮,૧૪૩ દર્દીઓ સાજા પણ થયા છે, જે બાદ અત્યાર સુધીમાં સાજા થયેલા લોકોનો આંકડો ૪,૩૨,૧૦,૫૨૨ પર પહોંચી ગયો છે.

## ઉત્તરાખંડ: ઉત્તરકાશીમાં ૩.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા

દેહરાદૂન,
ઉત્તરકાશીમાં રવિવારે બપોરે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકા લાગતા જ લોકો પોતાના ઘરો અને દુકાનોની બહાર નીકળી આવ્યા હતા. રિકટેર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૬ માપવામાં આવી છે. રવિવારે ઉત્તરકાશીમાં બે વાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પહેલો ભૂકંપ ૧૨:૩૭ વાગ્યે આવ્યો હતો. જેની તીવ્રતા ૩.૬ માપવામાં આવી છે. બીજો આંચકો ૧૨:૫૪ વાગ્યે અનુભવાયો જે હળવો હતો.

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી દેવેન્દ્ર પટવાલે જણાવ્યું કે, ભૂકંપને કારણે કોઈ જાનહાની અહેવાલ નથી મળ્યા. ભૂકંપના આંચકા જિલ્લા મથક, માનેરી, માટલી, જોશીયાડા, ભાટવાડી વિસ્તારમાં અનુભવાયા હતા. અન્ય તાલુકાઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા નહોતા.

આ વર્ષે એપ્રિલમાં પણ ઉત્તરકાશીમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પુરોલા, મોરી, નૌગાંવ અને બરકોટ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ વિસ્તારો હિમાચલની સરહદને અડીને આવેલા છે.

## અમદાવાદમાં સરેરાશ ૪ ઈંચ વરસાદ વરસ્યો, સૌથી વધુ ચકુડિયા મહાદેવ વિસ્તારમાં ૭ ઈંચ વરસાદ

અમદાવાદ,
હવામાન વિભાગની આગાહી મુજબ ફરી એક વખત ગુજરાતમાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે. ખાસ કરીને અમદાવાદમાં પણ શનિવારે મોડી સાંજે શરૂ થયેલો વરસાદ રાતભર ધીમી ધારે વરસતો રહ્યો. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં થોડા ઘણા વરસાદમાં જ પૂર્વના અનેક વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોને ફરી હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તો અમદાવાદમાં અવિરત વરસાદને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. સૌથી વધુ ચકુડિયા મહાદેવ વિસ્તારમાં ૭ ઈંચ વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં દક્ષિણ ઝોનમાં સરેરાશ ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો પૂર્વ વિસ્તારમાં સરેરાશ ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ઝોનમાં સરેરાશ ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. મણિનગરમાં ૬.૫ ઈંચ વરસાદ પડ્યો છે. રામોલ, ઓઢવ અને વિરાટનગરમાં ૫-૫ ઈંચ વરસાદ થયો છે. તો વટવામાં ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.અમદાવાદના પૂર્વ વિસ્તારમાં મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ પૂર્વના અનેક વિસ્તારો એવા છે જ્યાં થોડો પણ વરસાદ પડે એટલે વરસાદી પાણી ભરાઈ જાય છે. જેમાંનો એક છે સરસપુર વિસ્તાર. સરસપુર શાક માર્કેટ પાસે વર્ષોથી વરસાદમાં પાણી ભરાય છે. ગઈકાલે પડેલા વરસાદ બાદ હજુ પણ અહીં પાણી ભરાયેલા છે. જેના કારણે અહીંના રહીશો નર્કાગાર જેવી સ્થિતિમાં રહેવા મજબુર બન્યા છે. નારોલ, ઈસનપુર, ખોખરામાં હજુ પાણી ભરાયેલા છે. મણિનગર વિસ્તારમાં પણ પાણી ભરાયા છે. અમદાવાદના ભાઈપુરા વોર્ડના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે. સાંઈબાબાનગર અને અન્ય સોસાયટીઓમાં લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે.અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં પણ સારો વરસાદ વરસ્યો છે. શહેરના પ્રહલાદનગર, મકરબા, વેજલપુર, બોડકદેવ, હાટકેશ્વર, ઈસનપુર, આંબાવાડી, નવરંગપુરા, બાપુનગર, નરોડા, અમરાઈવાડી, સરસપુર, કાલુપુર, ચાંદખેડા, ચાંદલોડિયા, નારાણપુરા, મણિનગર સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. આગામી ૩ દિવસ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે તો કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસી શકે છે. તો અમદાવાદ શહેર સહિત કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ વરસી શકે છે. આ સિવાય કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ભારે વરસાદી ઝાપટાની પણ આગાહી કરવામાં આવી છે.

## કેરળ બાદ હવે દિલ્હીમાં પણ મંકીપોક્સની એન્ટ્રી,પહેલો કેસ મળી આવ્યો,વિદેશ પ્રવાસની કોઇ હિસ્ટ્રી નથી

નવીદિલ્હી,
દેશની રાજધાની દિલ્હીમાં મંકીપોક્સનો પહેલો કેસ નોંધાયો છે. આ દર્દીનો કોઈ વિદેશ પ્રવાસનો ઈતિહાસ નથી. અગાઉ કેરળમાં મંકીપોક્સના ત્રણ દર્દીઓ મળી આવ્યા છે. આ ત્રણેય દર્દીઓ યુએઈથી પરત ફર્યા હતા અને ત્યાં તેઓ ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા.દિલ્હીમાં નવા દર્દી મળી આવતા મૌલાના આઝાદ મેડિકલ કોલેજમાં દાખલ છે. ૩૧ વર્ષીય વ્યક્તિમાં ચેપની પુષ્ટિ કરતા, આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે તેનો કોઈ પ્રવાસ ઈતિહાસ નથી. એટલે કે, અત્યાર સુધી મળી આવેલા ચાર દર્દીઓમાં આ પ્રકારનો આ પહેલો કેસ છે, જેમની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. આ દર્દીને ખૂબ તાવ અને ચામડીના જખમ પછી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

અગાઉ ૧૪ જુલાઈએ કેરળમાં મંકીપોક્સનો પહેલો કેસ નોંધાયો હતો. મંકીપોક્સના પ્રથમ કેસની પુષ્ટિ કેરળના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે પોતે કરી હતી. તે યુએઈથી પરત ફર્યો હતો. મંકીપોક્સના લક્ષણો દેખાતા તેમને કેરળની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી, પુણેમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

આ કેસના ચાર દિવસ પછી એટલે કે ૧૮મી જુલાઈએ કેરળમાં બીજા કેસની પુષ્ટિ થઈ. આ વ્યક્તિ પણ દુબઈથી પરત ફર્યો હતો. આ પછી, ૨૨ જુલાઈએ ત્રીજા કેસની પુષ્ટિ થઈ. ત્રણેય કેસમાં યુએઈ કનેક્શન હોવાનું બહાર આવ્યું હતું. આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકો પર નજર રાખવામાં આવી રહી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા તાલુકામાં એમજીવીસીએલના વીજ મીટર રીડર વપરાશ કરતાં વધુ યુનિટનું બીલ બનાવતાં હોવાની ફરીયાદ

## વીજ વપરાશ માત્ર ૧૦૦ યુનિટ પણ મીટર રીડરે ૬૦૦ યુનિટ પ્રમાણે બીલ બનાવ્યું .




લુણાવાડા, મીટર રીડર વીજબીલ બનાવીને જાય પછી વીજ ગ્રાહકોએ ફરજિયાત મીટર પર વપરાશ યુનિટ ચેક કરવા પડે તેવો એક કિસ્સો મહિસાગર જિલ્લાથી પ્રકાશમાં આવ્યો છે. લુણાવાડા તાલુકામાં એમજીવીસીએલના વીજ મીટર રીડર જ્યારે વીજબીલ બનાવવા જાય છે. ત્યારે મીટર ચેક કર્યા વગર આડેધડ વીજબીલ બનાવતાં હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

લુણાવાડા તાલુકાના સાતતળાવ ગામના સામાન્ય પરિવારના મીનાબેન સંદીપભાઈ ખાંટનું બીલ વીજવપરાશ કરતાં અનેક ગણું વધારે આવતાં ચોંકી ઉઠ્યા હતા. પોતાનો વીજ વપરાશ વધારે નથી તેમ છતાં આટલું મોટું વીજબીલ આવ્યું કેવી રીતે, કાળઝાળ મોંઘવારી આટલું મોટુ બીલ કેવી ભરપાઈ કરાશે અને વીજબીલ નહિં ભરાય તો કનેક્શન કટ થઈ જશે જેવા અનેક સવાલો તેમના મનમાં ઉઠી રહ્યા હતા. દરમિયાનમાં તેમણે જાણકાર વ્યક્તિ પાસે મીટરનું રીડીંગ ચેક કરાવતા ખબર પડી કે તેમનો વીજ વપરાશ તો માત્ર ૧૦૦ યુનિટનો જ છે, પરંતુ મીટર રીડરે ૬૦૦ યુનિટ પ્રમાણે બીલ બનાવતાં આટલું મોટું બીલ આવ્યું છે. તેમણે વીજ અધિકારીઓને મૌખિક ફરીયાદ પણ કરી છે ત્યારે વીજ તંત્ર દ્વારા મીટર રીડર દ્વારા કરવામાં આવતી ભૂલોનો ભોગ વીજગ્રાહકો ન બને તે માટે ખોટા વીજ બીલ બનાવતાં મીટર રીડર વિરૂધ્ધ દંડનીય કાર્યવાહીની માંગ ઉઠી રહી છે.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુરમાં સવારના સાત વાગ્યાથી વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ ઝરમર ઝરમર વરસાદ અને ભારે વરસાદ થયો હતો. ત્યારે બપોર બાદ ફરી વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વરસાદ થતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને રસ્તા પર પાણી ભરાયા હતા.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

લુણાવાડાતાલુકાના મલેકપુર પાસે આવેલ ખૂંધી ગામે ચોકિયાત બાબુભાઈ મોતીભાઈ ના ઘરની એક ભેંસ તથા એક પાડીનું વીજળી પડવાના કારણે મૃત્યુ થયેલ હતું. આ અંગે રૂપિયા છેતાલીસ હજાર (૪૬,૦૦૦) સરકારી સહાય લુણાવાડા ના ધારા સભ્ય જીગ્નેશ ભાઈના હસ્તે ચોકિયાત બાબુભાઈને સહાય ચૂકવવામાં આવી હતી.

# લુણાવાડા કિસાન માધ્યમિક શાળામાં શાળા પંચાયતની ચુંટણી યોજાઈ



લુણાવાડા, કિસાન માદયમિક વિદ્યાલયમાં મહીસાગરમાં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી અને શાળા પંચાયતની ચૂંટણી આકર્ષકનું કેન્દ્ર બની કારણ કે સમગ્ર ચૂંટણી જેમ દેશમાં લોકસભા અને વિધાનસભા તથા સ્થાનિક સ્વરાજની ચૂંટણી કરવામાં આવે છે. તે જ પ્રણાલી પ્રમાણે ચૂંટણી યોજવામાં આવી હતી. ચૂંટણી અગાઉ મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો, તમામ વિદ્યાર્થીઓ મતનું મૂલ્ય સમજે અને ફરજિયાત મતદાન કરે તે માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. ત્યારબાદ ઉમેદવારી નોંધાવેલ વિદ્યાર્થી દ્વારા પ્રચાર પ્રસાર કાર્યક્રમ યોજવામાં આવ્યો અને ચૂંટણીના દિવસે EVM મશીન એપ્લિકેશનની મદદથી શાળામાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જેમાં શાળાના જ વિદ્યાર્થીઓ પ્રિસાઈડિંગ ઓફિસર,આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ, પોલિંગ ઓફિસરની નિમણૂક કરવામાં આવી અને તમામ વ્યવસ્થા ગોઠવાયા બાદ શાળાના તમામ વિદ્યાર્થીઓએ મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ પ્રકારે શાળા પંચાયતની ચૂંટણી યોજવાનો હેતુ શાળાના બાળકોને લોકશાહી ઢબે ચૂંટણી કેવી રીતે થાય છે અને લોકશાહી પર્વ કેવી રીતે ઉજવાય છે. તેનાથી માહિતગાર કરવાનો હતો તથા મતદાન પોતાનો અધિકાર છે અને મતદાન ફરજિયાત કરવું જોઈએ તેવી જાગૃતિ કેળવાય તે હેતુસર શાળાના બાળકોએ આજે ઉત્સાહભેર આ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લીધો.

# સંતરામપુર પાલિકા ચાલુ વરસાદે ખાડા પૂર્યા પરંતુ ખાડા પૂરેલા ધોવાઈ ગયા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં નગરપાલિકા દ્વારા નગરના અલગ અલગ વિસ્તારોમાં પ્રજાની સુવિધા માટે અને વારંવાર સોશિયલ મીડિયા અને પ્રિન્ટ મીડિયામાં રસ્તા ઉપર પડેલા ખાડા પૂરવા માટેની સમાચાર અને ફોટા વાયરલ થયા હતા અને સ્થાનિક લોકોએ ઉચ્ચ કક્ષાએ સુધી રજૂઆત પણ કરેલી હતી. ચાલુ વરસાદમાં આજે પાલિકા દ્વારા નગરના અલગ અલગ વિસ્તારોમાં ખાડા પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી. જ્યારે પ્રતાપુરા અને બેન્ક ઓફ બરોડા સુધી વેલમીસ નાખીને ખાડા પૂર્યા પરંતુ પાણીનો નિકાલ ન થવાના કારણે ફરીથી ઢીંચણ સુધી પાણી ભરાઈ રહ્યું આ રીતે નગરના અંદર પ્રજાની સુવિધા માટે રસ્તા ઉપર ખાડા પૂરવાની કામગીરી હાથ ધરી હતી.

# મહીસાગર જિલ્લામાં ૧૦૮ ગોધરાની સરાહનીય કામગીરી એકજ દિવસમાં બે પ્રસૂતિ ૧૦૮ વાનમાં જ કરાવી



સંતરામપુર, મકરાણી શશીલાબેન જાવિદભાઈ ઉમર વર્ષ ૩૨ નાનસલાઈ ગામ સંતરામપુર તાલુકામાં પાનમ નદી કિનારે અંતરિયાળ વિસ્તારમાં આવેલું ગામ છે. આજરોજ સવારે ૩ વાગે ડિલિવરી પીડા ઉપડતાં ૧૦૮ માં કોલ કર્યો હતો. ઈમટી પ્રવીણકુમાર પટેલીયા અને પાઈલોટ બહાદુરસિંહ સિસોદિયા તરત કોલ મળતાની સાથે જ નાનસલાઈ ગામમાં પહોચ્યાં હતાં અને તરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિરણીયા જવા નીકળી ગયા હતા. ત્યારે રસ્તામાં ગોધરા–લુણાવાડા હાઈવે ઉપર આવેલું મેડજીના મુવાડા ગામ પાસે શશીલાબેનને પ્રસુતિનો વધું પડતો દુઃખાવો ઉપડતા ઈમટી પ્રવીણકુમાર પટેલીયાને એમ્બ્યુલન્સમાંજ ડિલિવરી કરવાનું નકી કરી લીધું અને પાઈલોટ બહાદુરસિંહને સાઈડમાં એમ્બ્યુલન્સ ઊભી કરી દેવાની સલાહ આપી હતી. તરત સી.આર.સી.પી.ડૉ. મહેતા મેડમની સલાહ લીધા બાદ એમ્બ્યુલન્સમાંજ ડિલિવરી નોર્મલ કરાવી હતી. આગળ ચાર છોકરીઓ હતી અને પાચમાં છોકરાની ડિલિવરી થતાં શશિલાબેન અને એમનો પરિવાર ખુશ ખુશાલ થઈ ગયા હતાં. એમ્બ્યુલન્સ સ્ટાફનો આભાર માન્યો હતો. એમનાં પરિવારે ત્યાર બાદ વધુ સારવાર માટે હસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

આવી જ ઘટના ત્યાર પછી બની જેમાં સંતરામપુર તાલુકાના ગુવાળીયા ગામનાં નેતલબેન મનોજભાઈ લુહારને પણ ૧૦૮ ની ટીમ દ્વારા ૧૦૮ વાનમાં જ પ્રસૂતિ કરાવી આમ એકજ દિવસમાં બે સફળ પ્રસૂતિ કરાવી ૧૦૮ ટીમ દ્વારા ખુબજ સરાહનીય કામગિરિ કરવામાં આવી.

# દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ પદના શપથ લેશે , સમારોહમાં ખાસ પરંપરાગત સંથાલી સાડી પહેરશે



નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સોમવારે દેશના સર્વોચ્ચ બંધારણીય કાર્યાલયના શપથ લેશે અને આ દરમિયાન તેઓ પરંપરાગત સંથાલી સાડીમાં જોવા મળી શકે છે. મુર્મુની ભાભી સુકરી ટુડુ પૂર્વ ભારતમાં સંથાલ સમુદાયની મહિલાઓ દ્વારા પહેરવામાં આવતી ખાસ સાડી સાથે દિલ્હી આવી રહી છે. સુકરી તેમના પતિ તારિનીસેન ટુડુ સાથે શનિવારે સંસદના સેન્ટ્રલ હોલમાં શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય રાજધાની જવા રવાના થયા હતા. સુકરીએ કહ્યું કે હું દીદી માટે પરંપરાગત સંથાલી સાડી લાવી છું અને આશા રાખું છું કે તે શપથ ગ્રહણ સમારોહ દરમિયાન પહેરશે. મને હજુ પણ ખબર નથી કે તે ખરેખર આ પ્રસંગ માટે શું પહેરશે.

રાષ્ટ્રપતિ ભવન નવા રાષ્ટ્રપતિનો પહેરવેશ નક્કી કરશે.'' સંથાલી સાડીના એક છેડે કેટલાક પટ્ટાવાળા કામ હોય છે અને સંથાલી સમુદાયની મહિલાઓ તેને ખાસ પ્રસંગોએ પહેરે છે. સંથાલી સાડીઓની લંબાઈ એકસરખી પટ્ટાઓ હોય છે અને બંને છેડા પર સમાન ડિઝાઈન હોય છે. સુકરી તેના પતિ અને પરિવાર સાથે મયુરભંજ જિલ્લાના રાયરંગપુર પાસે આવેલા ઉપરબેડા ગામમાં રહે છે. તેણીએ કહ્યું કે તે મુર્મુ માટે પરંપરાગત સ્વીટ 'અરિસ્સા પીઠા' પણ લઈ રહી છે.
દરમિયાન, મુર્મુની પુત્રી અને બેંક અધિકારી ઈતિશ્રી અને તેના પતિ ગણેશ હેમબ્રમ નવી દિલ્હી પહોંચી ગયા છે અને ચૂંટાયેલા રાષ્ટ્રપતિ સાથે રહે છે.ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું, “ચૂંટાયેલા રાષ્ટ્રપતિના પરિવારના માત્ર ચાર સભ્યો – ભાઈ, ભાભી, પુત્રી અને જમાઈ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.'' સંસ્કૃતિ અને પરંપરાની ઝલક જોઈ શકાય છે. બીજુ જનતા દળના પ્રમુખ અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક શનિવારે રાષ્ટ્રીય રાજધાનીની ચાર દિવસીય મુલાકાતે રવાના થયા છે. તેઓ મુર્મુના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજરી આપશે. સૂત્રોએ જણાવ્યું કે મયુરભંજ જિલ્લાના છ બીજેપી ધારાસભ્યો ઉપરાંત, ઈશ્વરિયા પ્રજાપતિની રાયરંગપુર શાખાના ત્રણ સભ્યો બ્રહ્માકુમારી બ્રહ્માકુમારી સુપ્રિયા, બ્રહ્માકુમારી બસંતી અને બ્રહ્માકુમાર ગોવિંદ પણ નવી દિલ્હી પહોંચ્યા છે અને મુર્મુને મળ્યા છે.

કેન્દ્રીય પ્રધાનો અશ્વિની વૈષ્ણવ, ધર્મેન્દ્ર પ્રધાન અને વિશ્વેશ્વર ટુડુ, ભાજપના સાંસદો સુરેશ પૂજારી, બસંત પાંડા, સંગીતા કુમારા સિંઘદેવ અને તેમના પતિ કે.વી. સિંહદેવ નવી દિલ્હીમાં મુર્મુને મળ્યા હતા. તેઓ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા છે. ઉપરબેડા ગામના એક સાધારણ આદિવાસી પરિવારમાંથી આવતા, ૬૪ વર્ષીય મુર્મુએ ભારતના રાષ્ટ્રપતિ બનવાથી લઈને કાઉન્સિલરથી લઈને ઝારખંડના મંત્રી અને રાજ્યપાલ સુધીની લાંબી મજલ કાપી છે.

## આપની આજ.......

મેષઃ ભાગ્ય આજે તમારી સાથે છે અને તમારા પરિવાર સાથે સમય સારો રહેશે. બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે. પરંતુ તે જ સમયે આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. બેદરકારી તમને ખૂબ મોંઘી પડશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે આખો દિવસ અન્યની સહાય કરવામાં વિતાવશો. આજે બીજાને મદદ કરશો. આજે શુભ યોગ સાથે ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે.

મિથુનઃ નોકરી-ધંધાના મામલે આજનો દિવસ તમારા માટે ખાસ રહેશે અને તમારી આર્થિક સ્થિતિમાં પણ સુધાર થશે. પરિવારના સભ્યો તરફથી ખુશી મળશે અને પરિવારમાં કોઈ કાર્ય આયોજિત થવાની આશા છે.

કર્ક : આજનો દિવસ શુભ છે અને તમને આજે દરેક કાર્યમાં અપેક્ષિત સફળતા મળશે. બાળક પ્રત્યેની જવાબદારી પૂર્ણ થશે. આજે તમને કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચાર મળી શકે છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વિશેષ સિદ્ધિનો દિવસ રહેશે અને તમને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સફળતા મળશે. આવકના નવા સ્રોત સર્જાશે અને વાણી તમને વિશેષ માન આપશે.

કન્યા : આજે તમને ગ્રહોનો સહયોગ મળી રહ્યો છે અને પિતાના તેમજ ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી તમને આજે કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મળી શકે છે.

તુલા : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આર્થિક દ્રષ્ટિએ મજબૂત જણાય છે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે અને કોઈ અટકેલા કામ પૂરા થતા મદદ મળશે. પ્રિયજનોને મળશો અને ખુશ રહેશો.

વૃશ્ચિક : આજનો દિવસ સારો છે અને તમને આર્થિકરૂપે વિશેષ લાભની અપેક્ષા છે. આજે રોકાયેલા પૈસા મળતા તમે તમારું બેંક બેલેન્સ સુધારી શકશો. વ્યાવસાયિક યોજનાઓને વેગ મેળવશે અને પ્રતિષ્ઠા વધશે.

ધન : આજનો દિવસ ભાગદોડનો બની શકે છે. કોઈ કારણસર પત્ની શારીરિક રીતે અસ્વસ્થ થઈ શકે છે અને આ કારણે દોડવાની અને વધુ ખર્ચની સ્થિતિ આવી શકે છે. તમારે આ વસ્તુઓ વિશે ચિંતા કરવાની જરૂર નથી.

મકરઃ તમારા માટે આજનો દિવસ થોડો વ્યસ્ત રહેશે અને ઘરની ઉપયોગિતામાં પૈસા ખર્ચ થશે. આજે ઓફિસમાં કોઈ સાથીદાર સાથે સમસ્યા થઈ શકે છે અને તેના કારણે આખો દિવસ તણાવમાં પસાર થશે.

કુંભ : આજનો દિવસ સુખદ છે અને વિવાહિત જીવન પણ આનંદમાં વિતાવશો. પરિવારમાં દરેક એકબીજાની સાથે મદદમાં જોવા મળશે અને એકતા જોવા મળશે.

મીન : આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થશે અને આજે તમને વેપારના ક્ષેત્રમાં સફળતા મળવાથી આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. આજે ધંધામાં કોઈ મોટા ફેરફાર કરવાની યોજના બનાવી શકો છો. ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ શકો છો. વાહનના ઉપયોગમાં સાવધાની રાખવી.

# વૈદિક સંસ્કૃતિની અવહેલના

નવા નિર્માણ થતા સંસદ ભવનની ટોચ પર હાલમાં રાષ્ટ્રીય પ્રતીક 'અશોક સ્તંભ' સ્થાપિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમ પર સ્વયંભૂ સેક્યુલર, ડાબેરીઓ અને ઉદારવાદીઓએ રોકકળ મચાવી. એવો વિમર્શ ઊભો કરાયો કે આ સ્તંભના સિંહોની મુદ્રા-ભાવ સારનાથમાં મૂકેલ મૂળ કૃતિથી અલગ છે. અસલમાં આ ઉત્કંઠા સિંહોના હાવભાવ મુદ્દે જ નહીં, પરંતુ વડાપ્રધાન મોદી દ્વારા વૈદિક પદ્ઘતિને અનુરૂપ પૂજા કરવાને કારણે પણ છે. આવો વાંધો બૌદ્ધિક ચાલાકીનું ઉદાહરણ છે. શું ભારતમાં સેક્યુલરવાદનો અર્થ એ જ છે કે વ્યવસ્થા 'ધર્મ' વિહીન થઈ જાય? ધર્મ અને મજહબ (રિલીજન) બંને અલગ સંજ્ઞા છે. વૈદિક સંસ્કૃતિ સંકીર્ણ નથી, પરંતુ સમસ્ત બ્રહ્માંડના કલ્યાણની ભાવના ધરાવે છે. એવામાં તેને મજહબી ચશ્માંથી જોવું ખોટું છે. તેમાં શાંતિ, એકતા અને ભાઈચારાના ભાવ સમાયેલા છે. જો વડાપ્રધાને રાષ્ટ્રીય પ્રતીકના અનાવરણ પર વૈદિક અનુષ્ઠાન કર્યું, તો તેમણે એ જ સનાતન પરંપરાને આગળ વધારી, જેને પ્રથમ વડાપ્રધાન નેહરુએ સ્થાપિત કરી હતી. મોટાભાગના વાચકોને ૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધ્યરાત્રિએ નેહરુનું પ્રસિદ્ઘ ભાષણ 'ટ્રસ્ટ વિથ ડેસ્ટિની' તો યાદ હશે, પરંતુ તેના પહેલાંના ઘટનાક્રમથી બહુ ઓછા લોકો પરિચિત હશે.

અંગ્રેજો દ્વારા ભારતને સત્તા હસ્તાંતરણ માત્ર રાજકીય અને કાનૂની રૂપે જ નહોતું થયું, પરંતુ તેને વૈદિક રીતોથી પણ સંપન્ન કરાવવામાં આવ્યું હતું. પંડિત નેહરુએ રાજકાજ એ જ વૈદિક અનુષ્ઠાન એ શ્રદ્ઘા સાથ સંભાળ્યું હતું, જેનું વહન સદીઓથી અનેક હિંદુ શાસક પોતાના 'રાજ્યાભિષેક' દરમ્યાન કરતા રહ્યા. આ અવિસ્મરણીય ઘટનાનો ઉલ્લેખ દક્ષિણ ભારતની કેટલીક તત્કાલીન પત્રિકાઓ, 'ટાઈમ' મેગેઝિન અને લેરી કોલિન્સ-ડોમિનીક લેપિયરના પુસ્તક 'ફ્રીડમ એટ મિડનાઈટ'માં છે. તેને સંબંધિત વિવરણ અનુસાર 'જ્યારે માઉન્ટબેટને નેહરુને પૂછ્યું કે ભારતને કયા અનુષ્ઠાનથી સ્વતંત્રતા આપવામાં આવે, ત્યારે નેહરુએ સી. રાજગોપાલાચારી એટલે કે રાજાજી સાથે સલાહ-વિમર્શ કરીને તેમણે તમિલનાડુ સ્થિત હિંદુ મઠ 'તિરુવદુથુરાઈ અધીનમ' (મઠના સંન્યાસી વડા)નો પારંપરિક કર્મકાંડ માટે સંપર્ક કર્યો. ત્યારે મઠ દ્વારા સુવર્ણ મંડિત પાંચ ફીટ લાંબો અને બે ઈંચ જાડો 'રાજદંડ' તૈયાર કરવામાં આવ્યો. રાજદંડ ધર્મ અને શક્તિ બંનેનું પ્રતીક હોય છે. ભારત સરકાર દ્વારા વિશેષ વિમાન દ્વારા એ રાજદંડને બે વિશેષ મુનિઓ સાથે દિલ્હી લાવવામાં આવ્યો. ૧૪ ઓગસ્ટે બંને પૂજારી પોતાના અન્ય અનુચરો સાથે વૈદિક મંત્રોચ્ચાર અને અનુષ્ઠાનિક વાદ્યયંત્ર 'નાદસ્વરમ'થી સુશોભિત અન્ય દેશજ પરંપરાઓનું વહન કરતાં નેહરુના નિવાસ પર પહોંચ્યા. ત્યારે પૂજારીઓ પાસે એક મોટી ચાંદીની થાળી હતી, જેમાં ભગવાનને સમર્પિત વસ્ત્ર પિતાંબર મૂકવામાં આવ્યું હતું. પહેલાં રાજદંડ માઉન્ટબેટનને આપવામાં આવ્યો. પછી તેમની પાસેથી લઈને તેને પવિત્ર ગંગાજળથી પવિત્ર કરીને વૈદિક છંદો સાથે નેહરુને પિતાંબર ઓઢાડીને સોંપી દેવામાં આવ્યો. એક પૂજારીએ તાંજોરથી લાવેલા પવિત્ર જળને નેહરુ પર છાંટીને તિલક કર્યું. તેમને ભગવાન શિવને અર્પિત થોડા રાંધેલા ભાત પણ આપ્યા. તે રાજદંડ આજે પણ પ્રયાગરાજ સંગ્રહાલયમાં સુરિક્ષત છે. એ જ દરમ્યાન ડો. રાજેન્દ્ર પ્રસાદના આવાસ પર પણ કેળના પાનથી બનાવવામાં આવેલ અસ્થાયી લઘુ મંદિરમાં પવિત્ર અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવ્યો. તેમ છતાં બૌદ્ઘિક ધૂર્તતા જુઓ કે આ પ્રકરણ દાયકાઓ સુધી એટલા માટે છૂપાવી રાખવામાં આવ્યું, જેથી વિકૃત સેક્યુલર વિમર્શને આગળ વધારી શકાય.

વાઈસરોય હાઉસ, જે બાદમાં રાષ્ટ્રપતિ ભવન બન્યું, ત્યાં ૧૯૩૧થી જ છતો-દીવાલો પર ગીતાના કેટલાય શ્લોક સુવર્ણ અક્ષરોમાં અંકિત છે. ભારતીય બંધારણની મૂળ પ્રતો પ્રસિદ્ઘ ચિત્રકાર નંદલાલ બોઝ દ્વારા દોરવામાં આવેલ વૈદિક કાળ, રામાયણ, મહાભારત, મોહંજોદડો, બુદ્ઘના ઉપદેશ, મહાવીરના જીવન ઈત્યાદિથી વિભૂષિત છે. ગાંધીજીના સ્મારક રાજઘાટ પર 'હે રામ' આજે પણ અંકિત છે. સ્વતંત્ર ભારતમાં વૈદિક અનુષ્ઠાનને અનુરૂપ રાજકીય કાર્યક્રમનું સંચાલન સેક્યુલર મૂલ્યોનું અપમાન નહીં, પરંતુ સમરસ અને માનવી બહુલતાવાદી દર્શનનો ઉદ્ઘોષ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ નવા ગામ પાસે ડમ્પરની અડફેટે બાઈક ચાલકનું મોત થતાં લોકોમાં ભારે રોષ

## દાહોદના ધારાસભ્ય વજેસિંગભાઈ પણદાની ઓફિસે થયો હોબાળો

પ્રાપ્ત માહિતી મુજબ નવાગામ ખાતે ધારાસભ્યની કવોરી પર ભાડેથી ચાલતા એક ડમ્પરએ યુવકને અડફેટે લેતા તેનું મોત થયું હતું. મંડાવાવ ગામના ૨૦ વર્ષીય યુવકનું મોત થતા પરિજનોમા રોષ ફેલાયેલો જોવા મળ્યો હતો. રોષે ભરાયેલા પરિજનો ધારાસભ્ય વજુભાઈ પણદાની ઓફિસે પહોંચ્યા હતા અને ગ્રામજનોના તેમની ઓફિસ બહાર ટોળા વળ્યા હતા. આ બાબતની જાણ થતાં જ પોલીસ ઘટના સથળે દોડી આવી હતી. મામલાને કાબૂમાં લીધો હતો. ગામના આગેવાનો, ધારાસભ્ય અને પોલિસની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ તાલુકાના નવાગામ ખાતે એક ડમ્પર ના ચાલકે એક મોટરસાયકલ ચાલકને અડફેટમાં લેતા મોટરસાયકલ ચાલકને શરીરે ગંભીર ઈજાઓને પગલે તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૩મી જુલાઈના રોજ એક ડમ્પર નો ચાલક પોતાના કબજાનું ડમ્પર નવાગામ ખાતેથી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ પસાર થઈ રહ્યો હતો. તે સમયે દાહોદ તાલુકાના મંડાવાવ ગામે સ્ટેશન ફળિયામાં રહેતા નવીનભાઈ ચંદુભાઈ નલવાયા પોતાના કબજાની મોટરસાયકલ લઈ પસાર થઈ રહ્યા હતા. તે સમયે ડમ્ફરના ચાલકે નવીનભાઈ ને અડફેટમાં લેતા નવીનભાઈ મોટરસાયકલ સાથે જમીન પર ફંગોળાયા હતા. જેને પગલે તેઓને હાથે પગે તેમજ શરીરને ગંભીર જીવલેણ ઈજ્છાઓ તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન નવીનભાઈનું મોત નીપજતા આ સંબંધે મંડાવાવ ગામે સ્ટેશન ફળિયામાં રહેતા જવસીંગભાઈ રાયસીંગભાઈ નલવાયાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં ફુગ્ગાવેચી ૯૫ વર્ષીય માતાને પાળી આવ્યો છે કળયુગમાં શ્રવણ



દાહોદ,
શ્રવણની ગાથા સૌ કોઈએ સાંભળી હશે પરંતુ હાલના કળયુગી યુગમાં શ્રવણ જેવા સંતાનો ભાગ્યે જ જોવા મળતાં હશે. તેવામાં દાહોદ જેવા નાનકડા શહેરમાં ભીક્ષુક અને ફુગ્ગા વેચી પોતાનું ગુજરાન ચલાતાં પુત્ર પોતાની ૯૫ વર્ષની આસપાસની માતાને પાળી રહ્યો છે. ૬૫ વર્ષીય વિજયભાઈ નામક આ વ્યક્તિ મુળ ઉજ્જૈનના રહેવાસી છે અને છેલ્લા ૧૫ વર્ષથી પોતાની માતા અને પરિવારના અન્ય સભ્યો સાથે દાહોદમાં રહે છે. છેલ્લા ઘણા વર્ષોથી દાહોદ શહેરમાં આવેલ રાત્રી બજારની બહાર ફુગ્ગા વેચી અને ભીક્ષા માંગી પોતાનું અને પોતાની ૯૫ વર્ષીય માતાનું પેટ ભરી રહ્યાં છે. વિજયભાઈની માતા શારિરીક રીતે ચાલી શકતા ન હોવાને કારણે વિજયભાઈ જ્યાં જાય ત્યાં તેઓને પોતાના ખભે બેસાડી લઈ જાય છે. વિજયભાઈ પોતાની માતાને ખભે બેસાડી જ્યાં જાય ત્યાં લઈ જતાં આ દ્રશ્યો ઉપસ્થિત લોકો જોતાં તેઓમાં પણ અનેક સવાલો સાથે પુત્રની આ ઉમદી સેવાના વખાણ કરતાં રહે છે.

## દાહોદની અર્બન બેન્ક ગોધરા રોડ શાખામાં ગ્રાહકનો મોબાઈલ તફડાવી ગઠ્યો ફરાર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેર માં આવેલી અર્બન બેન્ક ની ગોધરા રોડ શાખામાં આજે બેંકની અંદર થી એક ગ્રાહક્ના મોબાઈલની તફડંચી કરી ગઠીયો ફરાર થઈ ગયો હતો. ગ્રાહકને મોબાઈલ ગુમ થયાની જાણ થતાં બેંક મેનેજરનો સંપર્ક સાધી બેંકમાં લાગેલા સીસીટીવી ચેક કરતા એક ગઠીયો મોબાઈલ લઈ જતા નજરે પડ્યો હતો. મોબાઈલ ધારકે મોબાઈલ પરત મળે તો યોગ્ય વળતરની પણ જાહેરાત કરી છે.

## દાહોદ ખાતે પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપિતા શ્રીમતી દ્રોપદી મુર્મુ બન્યો કાર્યક્રમ યોજાયો



દાહોદ,
ભારત દેશના પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી બન્યા તે બદલ દાહોદ શહેરના પંડિત દીનદયાળ ઓડીટરિયમ ખાતે અને ઝાલોદ વિધાનસભા સીટમાં કંબોઇધામ ખાતે આદિજાતિ વિકાસ વિભાગના માનનીય કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતીમાં આભાર અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો.

આ અભિવાદન કાર્યક્રમમાં વિધાનસભાનાં દંડક રમેશભાઈ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર, જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ આમલીયાર, ગુજરાત સરકારના પૂર્વમંત્રી બચુભાઇ ખાબડ, વરિષ્ઠ આગેવાન નેતા બી.ડી.વાઘેલા, પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, પ્રમુખ તાલુકા પંચાયત અને સદસ્યો, જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત સરપંચો અને સદસ્યો, તાલુકા પ્રમુખ/મહામંત્રી અને હોદેદારો, સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલ સભ્યો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લીમખેડા તાલુકાની પરમારના ખાખરિયા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો


તસ્વીર : શૈલેષ ભુરીયા,

લીમખેડા,
લીમખેડા તાલુકાની પરમારના ખાખરિયા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. વિવિધ પ્રકારના ૭૦૦ રોપા નર્સરી માંથી લાવવામાં આવ્યા હતા. જેમાંથી ૫૦૦ રોપાઓ બાળકોને આપવામાં આવ્યા હતા અને ૨૦૦ જેટલાં રોપાઓ શિક્ષકો દ્વારા શાળામાં રોપવામાં આવ્યા હતા. જેમાં શાળાના તમામ શિક્ષકો અને બાળકોએ ઉત્સાહ પૂર્ણ ભાગ લીધો હતો અને વિકલાંગ કન્યાના હાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## અમદાવાદમાં ભારે વરસાદના લીધે ઐતિહાસિક રાયખડ દરવાજાના પગથિયાં તૂટ્યા

અમદાવાદ,
ગુજરાતમાં ચોમાસુ વિધિસર બેસી હગયું છે, છેલ્લા ઘણા દિવસથી રાજ્યમાં અતિભારે વરસાદ પડી રહ્યો છે, જેના લીધે અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે,જેના લીધે લોકોને બારે હાલાકીનો સામનો કરવો પડે છે.ગઈકાલે અમદાવાદમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, સાંજથી સવાર સુધીમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ અતિ ભારે વરસાદથી રાયખડ દરવાજાના પગથિયા ધરાશાયી થઈ ગયા છે.ઉલ્લેખનીય છે કે રાયખડ દરવાજાના પગથિયાં ધરાશાયી થઈ છે. પુન નિર્માણ હેઠળ ઉભી કરેલી દીવાલ ભારે વરસાદમાં તૂટી પડી હતી. જોકે, ઘટના મોડી રાત્રે બનતા જાનહાનિ થઈ ન હતી. મૂળ દરવાજા નીચે બનાવેલી બેઠક વ્યવસ્થા ઉપર પગથિયાનું ભાગ ધરાશાયી થયો છે. જોકે, દરવાજાનું વર્ષો જૂનું બાંધકામ હજી પણ અડીખમ છે. થોડા સમય પહેલા જ પગથિયાના લેવલિંગનું કામ થયું હતું

નોંધનીય છે કે ગઈરકાલથી સવાર સુધી ભારે વરસાદ પડ્યો હતો,શહેરમાં સરેરાશ ૪ ઈંચ વરસાદ પડ્યો છે. જેમાં દક્ષિણ ઝોનમાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ અને પૂર્વ વિસ્તારમાં ૫.૨૦ ઈંચ વરસાદ પડ્યો. પશ્ચિમ ઝોનમાં ૩.૩૭ ઈંચ તેમજ ઉત્તર પશ્ચિમમાં ૨.૯૦ ઈંચ વરસાદ પડ્યો છે. દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૧.૯૨ ઈંચ, મધ્ય ઝોનમાં ૩.૩૨ ઈંચ અને ઉત્તર ઝોનમાં ૩.૩૦ ઈંચ વરસાદ પડ્યો છે. પૂર્વ વિસ્તારમાં વધુ વરસાદ વચ્ચે પાણી ભરાયા છે.

# દે.બારીયા નગર પાલિકાના જાહેર ઉકરડાઓમાં કન્ટેનર મુકવામાં આવે તો મુંગા પશુઓનું જીવન બચી શકશે


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા નગર પાલિકા સ્વચ્છ ભારત મિશન ખાલી કાગળો ઉપર ચલાવવામાં આવે છે. લાખ્ખોની ગ્રાંટ ફળવાય છે. દર વર્ષની તેમ છતાં જાહેર ઉકરડા ઉપર કન્ટેનર મુકવામાં આવ્યા નથી. જે જુના કન્ટેનરને ભંગાર હાલતમાં જુના મહેલ સામે ફેંકી રાખ્યા છે. તેની જગ્યા ઉપર નવા કન્ટેનર મુકવા જોઈએ. પણ નવા કન્ટેનર છેલ્લા એક વર્ષથી વધારો સમય થવા આવ્યો તેમ છતાં કન્ટેનર કેમ મુકવામાં આવતા નથી. તે યક્ષ પ્રશ્ન છે. જો નવા કન્ટેનર મુકવામાં આવે તો મુંગા પશુ જે સીંગલ યુઝ પ્લાસ્ટીક ખાઈ જતા હોવાના કારણે મૃત્યુ પામે છે. તે અટકી શકે છે. અને રોડ ઉપર કચરો ઉડી ઉડીને આખા વિસ્તારમાં ફેલાય છે. તે અટકશે જેથી જાહેર જગ્યાના જાહેર ઉકરડામાં નવા કન્ટેનર મુકવામાં આવે તેવી નગરજનોની માંગ ઉઠવા પામી છે. હવે એ જોવાનં છેકે, કન્ટેનર માટે ક્યારે ટેન્ડર પ્રક્રિયા શરૂ થાય છે. ટેન્ડરો કોના પાસ થાય છે. મળતીયાઓના પાસ થાય છેકે પછી બીજી એજન્સીઓના ટેન્ડર પાસ થશે. તે તો આવનારો સમય જ બતાવશે.

# ભાવ વધારાના કારણે ગરબાડા ના હાટ બજારમાંથી લીલા ધાણા ગાયબ

### પાછલા આઠેક દિવસથી ૧૦૦ રૂપિયામાં કિલો વેચાતા ઘણા હાલમાં ૩૦૦ થી ૩૫૦ કિલોમાં પણ નહીં મળતા હોવાનું શાકભાજીના વેપારીઓનો ગણગણાટ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
સમગ્ર રાજયમાં ભારે વરસાદ થતાં જનજીવન તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉપર ઉપર તેની અસર પડતી હોવાનું જોવા મળી રહ્યું છે. વાત કરીએ દાહોદ જિલ્લાના ગરબાડાની તો ગરબાડામાં રવિવારના દિવસે હાટ બજાર ભરાતો હોય છે અને લોકો શાકભાજી થી માંડી જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓ હાટ બજારમાંથી ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે. હાલમાં રવિવારના દિવસે લીલા ધાણા નહીં મળતા હોવાની ચર્ચાઓ સાંભળવા મળી રહી હતી. જે બાબતે શાકભાજીની દુકાન કરતા વેપારીને પૂછતા સો રૂપિયાના ભાવે કિલો મળતા ધાણા હાલમાં ૩૦૦ થી ૩૫૦ રૂપિયામ મળી રહ્યા છે. તેમાં પણ સવારે માર્કેટમાં જે વહેલા પહોંચે છે, તેને ધાણા મળે છે. જોકે, હવે ગ્રામ્ય વિસ્તારો માંથી પણ આઠેક દિવસમાં ધાણાની આવક ચાલુ થશે પરંતુ હાલમાં ધાણાના ભાવ આસમાને જતા બજારમાંથી લીલ ધાણા ગાયબ થઈ ગયા હોવાનુ જોવા મળી રહ્યું હતુ.

## દાહોદ રેલ્વે પોલીસ દ્વારા ઈ-એફ.આર.આઈ અને બોડીવોર્મ કેમેરાની સમજ અપાઈ

દાહોદ,
કેન્દ્રીય ગૃહ મંત્રીના વરદ હસ્તે તારીખ ૨૩ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે ઈ–એફ.આર.આઈ. સેવાનો શુભારંભ તથા રાજ્યકક્ષાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ત્રી–નેત્રનું ઉદઘાટન અને બોડી વોર્મ કેમેરાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જે અનુસંધાને દાહોદ રેલવે પોલીસ સ્ટેશન ખાતે તારીખ ૨૩ જુલાઈના રોજ જાહેર જનતાને રેલ્વે પોલીસ દ્વારા બોલાવી સ્થાનિક લેવલે પોલીસની અદ્યતન તકનીકી સેવાઓ બાબત ધોની માહિતી આપવામાં આવી હતી. જેમાં ઈ – એફ.આર.આઈ., બોડી વોર્મ કેમેરાની સમજ આપવામાં આવી હતી. ત્યારે પોલીસની અદ્યતન તકનીકી સેવાઓનો વધુમાં વધુ પ્રચાર થાય તેનો પ્રયાસ પણ સતત ચાલી રહ્યો છે.

## ભૂતવડ ગામે ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડા તાલુકાના વજેલાવ ગામ ના ભૂતવડ ખાતે સ્વ. મંગળાભાઈ ભગત ના પરીવાર ના સૌજન્યથી વૃક્ષારોપણનો કાર્યક્રમ ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયાના હસ્તે કરવામાં આવ્યો. આ પ્રસંગે વિરાભાઈ પરમાર, ચિત્રકૂટ એવોર્ડી કિરણસિંહ ચાવડા, પૂર્વ સરપંચ દિપુભાઈ ડામોર, પૂર્વ તાલુકા પંચાયત સભ્ય સા`માભાઈ ચૌહાણ,એસએમસીના અધ્યક્ષ ખુમસિગ ડામોર, સુરપાળ ભાભોર, વિગેરે ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વી. એમ. પરમારે ભૂતવડ માં ૧૩૩ ફળાઉ ઝાડો રોપી ઉછેર કરવા માટે જરૂરી સમજ સહયોગ આપવા જવાબદારી લીધી હતી. આપ પ્રસંગે શાળાના આચાર્ય કીરણસિંહ ચાવડા એ ગામ ના પ્રશ્નો ની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ભૂતવડ થી માતવા જતો રોડ ખૂબજ તૂટી ગયો છે, તે નવો બનાવવો. શાળામાં પાણી માટે ખૂબ જ મુશ્કેલી પડે છે. તે માટે રજૂઆત કરી હતી. તેમણે ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો.

## દાહોદ ભીલ સેવા મંડળ સંચાલિત આશ્રમ શાળાના નવા મકાનનું ભૂમિ પૂજન કરાયું



દાહોદ,
પૂજ્ય ઠક્કરબાપા સ્થાપિત ભીલ સેવા મંડળ દાહોદ સંચાલિત આશ્રમ શાળાઓના નવીન મકાન બાંધકામનું ભૂમિપૂજન આદિજાતિ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

પૂજ્ય ઠક્કરબાપા સ્થાપિત ભીલ સેવા મંડળ દાહોદ સંચાલિત આશ્રમ શાળાઓના નવીન મકાન બાંધકામ માટે ગુજરાત સરકાર દ્વારા સન્માનીય નિર્ણય લીધો હતો. તેના બાંધકામની શરૂઆત ઠક્કરબાપાના શરૂઆતી મીરાખેડી મુકામે આદિજાતિ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ દ્વારા ભૂમિપૂજન કરવાં આવ્યું હતું. આ ભૂમિપૂજન કાર્યક્રમમાં સાંસદ જશવંતસિંહ ભાભોર, કેશુભાઈ ગોટી – દાતા સુરત, નરસિંહભાઈ હઠીલા – ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ ભીલ સેવા મંડળ દાહોદ, વિધાનસભાનાં દંડક રમેશભાઈ કટારા, જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઇ આમલીયાર, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બચુભાઇ ખાબડ, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, માર્ગીય સ્મિત સ્વામીજી, ભરતભાઈ કાકડિયા – ઉદ્યોગપતિ સુરત, મુકેશભાઈ વઘાસીયા – ઉદ્યોગપતિ સુરત, મહેશભાઈ શર્મા – પદ્મ શિવગંગા ફાઉન્ડેશન, સરપંચ મીરાખેડી, કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## ધાનપુરના હરખપુર ગામે ૩૮ વર્ષીય યુવાન કુવામાં પડી જતાં મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના હરખપુર ગામે એક ૩૮ વર્ષીય યુવક ગામમાં આવેલ એક કૂવામાં પડી જતા તેમનું મોતની નીપજ્યાનું જાણવા મળે છે.

તારીખ ૨૨ મી જુલાઈના રોજ ધાનપુર તાલુકાના હરખપુર ગામે પટેલ ફળિયામાં રહેતા ૩૮ વર્ષીય નવરસિંહભાઈ બદીયાભાઈ મેડા અગમ્ય કારણોસર ગામમાં આવેલ એક કૂવામાં ઝંપલાવ્યું હતું. જેને પગલે તેઓ કૂવાના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર પરિવાર તેમજ ગ્રામજનો ઉમટી પડ્યા હતા અને ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં મૃતકના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

આ સંબંધે હરખપુર ગામે પટેલ ફળિયામાં રહેતા અમરસિંગભાઈ બદીયાભાઈ મેડા દ્વારા ધાનપુર પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.282

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# મરણ પછી મળનાર આશ્રિત સહાયને શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર હોવા છતાં ઠુકરાવી અન્યાય કર્યો

## એક આદિવાસી સમાજના શિક્ષકનું મરણ થયે ૫ વર્ષ થયા છતાં સહાય ચૂકવી નથી.



ગોધરા, તાજેતરમાં બહાર આવેલી શિક્ષણ વિભાગની એક ક્ષતિ જેમાં મુળ સુરતના માંડવી તાલુકાના શિક્ષક સ્વ.નિરવભાઈ સુરેશભાઈ ચૌધરીનું ૨૦૧૬ માં અવસાન થતા ૬ મહિનાની મર્યાદામા તેમણે ગોધરા તાલુકા પંચાયત ખાતે અરજી કરી હતી પણ અમને એવુ જણાવવામાં આવેલુ કે તમારી અરજી દાયરામાં આવતી નથી. એટલે અરજી મૌખિક સૂચનાથી પરત આપવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક રહમ ૧૦૨૦૧૭- યુઓ - ૧૦૬(૧૮૦૯૯૫)-ક, સચિવાલય, ગાંધીનગર તા-૨૦/૦૭/૨૦૧૭ ના દિવસે નવો પરીપત્ર જાહેર થયેલો તે પરિપત્ર એવુ જણાવેલ છે કે આ પ્રકારના વર્ગ ૩ ૪ ના કર્મચારીના અવસાન થયેલા હોય તો પણ આ સહાય મળવા પાત્ર છે અને તે પાછલા ૨૦૧૧ સુધીના કર્મચારીઓ પણ લાગુ પડશે. માટે તેમણે આ સહાય અરજી રજૂ કરી હતી તેમ છતાં અરજી મોડી રાજુ કરેલ છે તેમ જણાવી હાલ સહાય મળવા પાત્ર નથી તેવા બહાના બતાવી સદર દરખાસ્ત ફાઈલે કરતો હુકમ કર્યો છે. જેને લઈને એક ગરીબ આદિવાસી પરિવાર હતાશ થઇ ગયો છે. દરખાસ્ત મોડી કરવાનુ કારણ સ્પષ્ટ જણાય આવે છે. તેમ અને એ મુજબજે તે પરિવાર લાભ માટે પાત્ર ધરાવતા હોવા છતાં સરકારે લાભથી વંચિત રાખેલ છે.

સરકારે તેમને પાઠવેલ પત્ર મુજબ તો તેઓ પાત્ર ઠરે જ છે. તા - ૧૯ /૦૯ / ૨૦૧૭ ના દિવસે કરેલ પ્રથમ અરજી જ્યારે જે તે વિભાગને મળી ત્યારે આપે જોયું જ હશે કે આ દરખાસ્ત મુજબ સહાય મળવા પાત્ર નથી તેમ છતાં આટલા બધા ૦૫ વર્ષ સુધી આશ્રિત પરિવારને ખોટી ખોટી પુર્તતા કરાવવા માટે દરખાસ્ત વારંવાર મોકલી અને વારંવાર એફીડીએટ...વારંવાર ખોટા ખર્ચા, સાધનીક કાગળો, રૂબરૂ બોલાવી અથવા તો કોઈ ને કોઈ રીતે ખર્ચા કરાવેલ છે અને છેલ્લે અરજી મોડી મળ્યાનો ઈસ્યુ બનાવી એક કચડાયેલ વર્ગના આદિવાસી પરિવારને સહાય મળવા પાત્ર નથી. તેવું જણાવતો પત્ર પાઠવી સહાય મળવા પાત્ર હોવા છતાં સહાયથી વંચિત રાખેલ છે એવું અરજદારે જણાવ્યું છે. જે તે સમયે કેમ આ મુદ્દો ધ્યાનમાં ન લીધો અને શારીરિક માનસિક અને આર્થિક હેરાન કરેલ તે બાબતે આશ્રિત પરિવારે સરકારનાં શિક્ષણ વિભાગ સામે બાયો ચઢાવી છે.

જો જે તે સમયે જ અરજી રદ કરી હોત તો આ ખર્ચો ના થાત અને આવા ખર્ચા કરાવીને આદિવાસી સમાજના આશ્રિત પરિવારને હેરાન કરવાનું બહાર આવ્યુ છે. સરકારના કયા કાયદા હેઠળ આવી રીતે પ્રથમ વખતમા ના ન જણાવી અને આટલા વર્ષો સુધી અંધારામાં રાખી છેલ્લે આવુ કારણ આપી હેરાન કરવામાં આવેલ છે તેવું બહાર આવ્યુ છેં.

આ યોજના સરકારી કર્મચારીના પરિવારને મદદરૂપ થવાની સરકારી કર્મચારીના આશ્રિતને મદદરૂપ થવાની ભાવનાથી ચલાવાય છે તો એક ગરીબ પરિવારને અરજી કર્યા તારીખ- ૧૯/૯/૨૦૧૭ના રોજથી આજ દિન સુધી ખોટી પૂર્તતા કરાવી કેમ આર્થિક શોષણ કરી હેરાન કરવામાં આવ્યાં હોવાનું પીડિત પરિવારે બળાપો ઠાલવ્યો છેં. અને જે ક્ષતિ પ્રથમ દિવસે કહી શકાતી હતી. તે ન જણાવીને અધિકારીઓએ આ કાર્યમાં પાંચ વર્ષ સુધી ગેરમાર્ગે દોરેલ છેં. તેવું સામે આવ્યું છે. ૨૦૧૭માં થયેલ સરકારી પરિપત્ર મુજબ પાછલા ૨૦૧૧ સુધીના કર્મચારીઓને મળવા પત્ર સહાય આ પરિવારને ન મળે જ તેવું પરિપત્ર બોલે છે. તેમ છતાં સરકારનો પરિપત્ર ઘોળીને પી જઈ ખોટી રીતે દરખાસ્ત ફાઈલ કરવામાં આવેલ છે. જે બાબતે પુનઃ ચકાસણી કરી સહાય મળે તે દિશામાં પગલાં ભરવા આશ્રિત પરિવારે સરકારને રજૂવાત કરી છે.

# પંચમહાલ જિલ્લામાં જળસંચય અભિયાનની કામગીરીની ચકાસણી માટે કેન્દ્રની ટીમ આવી



શહેરા, પંચમહાલ જિલ્લામાં જળ સંચય કરવા તથા ભુગર્ભ પાણીના સ્તર ઊંચા લાવવા જીલ્લામાં ૯૨ નવા ચેકડેમ બનાવવામાં આવ્યા તેમજ ૩૩૮ ચેકડેમનું રીપેરીંગ કરવામાં આવ્યું હતું. જિલ્લાના મોરવાહડફ તાલુકામાં ૫, ગોધરા તાલુકામાં ૫ તથા ઘોઘંબા તાલુકામાં ૫ ભુગર્ભ પાણી ભરવાના સ્ટ્રકચર બનાવવામાં આવ્યા છે. અમૃત સરોવર હેઠળ ૭૫ તળાવ નવા બનાવવામાં આવી રહ્યા છે. જિલ્લામાં જળસંચયની કામગીરીની ચકાસણી કરવા જળશક્તિ અભીયાનની કેન્દ્રની ટીમે ત્રણ દીવસ અલગ-લઅગ જગ્યાએ મુલાકાત કરી હતી. જેમાં કેન્દ્રની ટીમ તથા જિલ્લા નોડલ અધિકારી વી.આર.તલાર અને કાર્યપાલક ઈજનેરની ટીમ દ્વારા સેવ ધ વોટર અને કેચ ધ રેઈન અંતર્ગત જિલ્લાના વોટર રિટેનરીંગ સ્ટ્રકચર, તળાવો, ચેકડેમોની મુલાકાત લેવામાં આવી હતી અને જિલ્લામાં પીવાના પાણીની, સિંચાઇના પાણીની માહિતી પ્રાપ્ત કરી હતી. સાથે જ પાણી બચાવવા અને ભૂગર્ભ જળના સ્તર ઉચા લાવવા માટે, સિંચાઇ સુવિધા વધારવા માટે, દરેક ઘરને ચોખ્ખું પાણી મળી રહે તે માટે તેમજ જંગલોમાં ઝાડનું પ્રમાણ વધે તે માટે જરૂરી સૂચન આપવામાં આવ્યા હતા. જ્યારે ૭૫ અમૃત સરોવરની કામગીરીમાં પંચમહાલ જિલ્લાના જુદા-જુદા તળાવની વિઝીટ કરવામાં આવી હતી. તો જિલ્લામાં ભૂગર્ભ પાણીનાં સ્તર ઉચા લાવવા માટે સરકારી કચેરીઓ, શાળાઓ પંચાયત સહિતના વિભાગની કચેરીઓના ધાબા પર પડતાં વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવા સ્ટ્રકચર બનાવવા સુચનાઓ આપી હતી. ત્યારે પંચમહાલ જિલ્લા કલેકટર તેમજ અન્ય અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા વિચારણા કરી પાણીની સમસ્યા અંગેનો ચિતાર મેળવવામાં આવ્યો હતો.

# કાલોલ ખાનગી હોસ્પિટલમાં તાજી જન્મેલ બાળકીની સારવાર દરમિયાન મોત થતાં પરિવારનો બેદરકારીના આક્ષેપ કરાયો




કાલોલ, કાલોલની સુપ્રસિદ્ધ પૂજા હોસ્પિટલ ખાતે તાજી જન્મેલ બાળકીની સારવાર કરાવવા આવેલ પરિવારની બાળકીનું મુત્યુ થતા પરિવારજનોનો હોસ્પિટલ સ્ટાફ તેમજ તબીબો સામે બેદરકારીને લઈ આક્ષેપ સાથે પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. એક માસુમ બાળકીનું હોસ્પિટલ સ્ટાફની ભુલના ભોગે મોત થયું હોવાની પરિવારજનોએ આક્ષેપ કરતા વાત ઉગ્ર બનતા પરિવાજનોએ હોસ્પિટલ ખાતે હોબાળો મચાવ્યો હતો. જેથી હોસ્પિટલની આજુ બાજુ લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જોકે સમગ્ર બાબતે સ્થાનિક પોલીસને જાણ થતા ઘટના સ્થળે પોહચી મામલો થાળે પાડવાના પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરિવારજનો પોતાની માસુમ ફૂલ જેવી પુત્રીનું મોત થવાના કારણે ખુબજ દુઃખી અને હતાશ જોવા મળ્યા હતા. બાળકીનું મુત્યુ કયા કારણસર થયું તેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ બાળકીના મોત થી દુઃખી પરિવારજનો દ્વારા કાલોલ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની માંગ પરિવારજનો દ્વારા કરવામાં આવી હતી.

# શહેરા તાલુકાના ધમાઈ ગામની સસ્તા અનાજની દુકાન માંથી મળવાપાત્ર અનાજનો જથ્થો નહી મળતા રોષ

શહેરા, શહેરા તાલુકામાં ૯૫ જેટલી સસ્તા અનાજની દુકાનોમાં માંથી ધમાઇ ગામ સહિતની અમુક સસ્તા અનાજની દુકાનોમાં મહિનો પૂરો થવા આવ્યો ત્યાં સુધી રેશનકાર્ડ ધારકોને મળવા પાત્ર જથ્થો મળ્યો નથી. પાછલા કેટલાક મહિનાથી અમુક સસ્તા અનાજની દુકાનોમાં ૨૦ તારીખ પછી જ રેશનકાર્ડ ધારકોને અનાજ સહિતનો જથ્થો મળતો હોવાની બૂમો ઉઠી છે.

શહેરા તાલુકામાં ૯૫ જેટલી સસ્તા અનાજની દુકાનો માંથી ધમાઈ ગામ સહિતની અમુક સસ્તા અનાજની દુકાનોમાં મહિનો પૂરો થવા આવ્યો ત્યાં સુધી રેશનકાર્ડ ધારકોને અનાજ સહિતનો મળવા પાત્ર જથ્થો મળ્યો નથી. ધમાઈ ગામ સહિતની અન્ય સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકો મળવાપાત્ર જથ્થો લેવા માટે જતા હોય પણ સસ્તા અનાજની અમુક દુકાનો બંધ હોય તેમજ અમુક દુકાનદારો પુરવઠા ના ગોડાઉન માંથી અનાજ સહિતનો જથ્થો નહિ આવ્યા હોવાનું જણાવતા હોય છે. તાલુકામાં આવેલ અમુક સસ્તા અનાજની દુકાનદારો કયા કારણથી ૨૦ તારીખ પછી જ રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર અને જથ્થાનું વિતરણ કરતા હોય જ્યારે અમુક દુકાનદારો ૨૬ થી ૩૦ તારીખની વચ્ચે અનાજ સહિતના વિતરણ કરતા હોવાનુ રેશનકાર્ડ ધારકો પાસેથી જાણવા મળ્યુ હતું. પુરવઠા નાયબ મામલતદાર તેમજ સબંધિત તંત્રના અધિકારી દ્વારા આ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લઈને રેશનકાર્ડ ધારકોને નિયમિત એટલે ૨૦ તારીખ પહેલા મળવાપાત્ર અનાજ સહિતનો જથ્થો મળે તે માટે કેવા પ્રકારની કાર્યવાહી કરશે તે તો આવનાર સમયમાં જ ખબર પડી જશે તો નવાઈ નહી.

# કાલોલના ચલાલી ગામે જય મહાકાલ ગ્રાહક સેવા કેન્દ્ર માંથી ૮ હજારના રોકડની ચોરી



કાલોલ, પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ગામોમાં સતત ડ્રોન કેમેરા દેખાયા હોવાની ચર્ચા થઈ રહી છે. ત્યારે કાલોલ તાલુકાના ચલાલી ગામમાં જય મહાકાલ ગ્રાહક સેવા કેન્દ્રની ઓફિસના દરવાજાના તાળા તોડી ચોરીને અંજામ આપ્યો. રોજિંદા બચત કરેલ અંદાજિત આઠ હજારની ઉઠાંતરી કરી હતી અને ઈલેકટ્રિક મશીનો ચોરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. ઈલેક્ટ્રિક મશીનો જેમ કે પ્રિન્ટર મશીન, લેમીનેશન મશીન, કલર પ્રિન્ટર, કોમ્પ્યુટર જેવી વસ્તુઓ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ ચલાલી મેન માર્ગ ઉપર સતત વાહનો આવર જવર ચાલુ હોવાના કારણે ઈલેક્ટ્રિક મશીનો ચોરવાનો પ્રયાસ નિષ્ફળ નિવડ્યો હતો. અડાદરા પોલીસ સ્ટેશનના જમાદાર જયપાલસિંહ સોલંકી એ જય મહાકાલ ગ્રાહક સેવા કેન્દ્રની તાત્કાલિક સ્થળ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ચોરીને અંજામ આપનાર અજાણ્યા ઈસમોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# હાલોલના મસવાડ તળાવ પાસેથી ૪ ઈસમોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પડાયા

હાલોલ, હાલોલ મસવાડ ગામે આવેલ તળાવ પાસે કેટલાક ઈસમો મારૂતીવાન અને બાઇક લઈ ચોરીના મુદ્દામાલ સગેવગે કરવા જતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ચાર ઈસમોને કંપની માંથી ચોરી કરેલ ૧,૮૬,૭૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, હાલોલના મસવાડ ગામે તળાવની પાર ઉપર કેટલાક ઈસમો વાન અને બાઈક લઈને ચોરીના મુદ્દામાલ વેચવાની પેરવી હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મયુર ઉર્ફે ગરી ગણપતભાઈ પરમાર, નીતીન ઈશ્વરભાઇ રાઠોડ, મજાવર યુસુફ ગીતેલી (રહે.ગોધરા ગેની પ્લોટ), રમજાની મહમંદ હનીફ મનડી (ગોધરા)ને મધવાસ કંપની અને ઓફિસ માંથી ચોરી કરેલ ૧,૮૬,૭૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને હાલોલ રૂલર પોલીસને સોંપવામાં આવ્યા.

# ઘોઘંબા શામળકુવા ગામે ડી.જે. સીસ્ટમની ચોરી કરી જતાં ફરિયાદ

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના શામળકુવા ગામેથી આઈસર ટેમ્પોમાં રાખેલ ડી.જે.સીસ્ટમ, એમ્પલીફાયર, પ્રોસેસર મળી ૫૮,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી થઈ જતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના શામળકુવા ગામે સરતાનભાઈ ગોસઈભાઈ રાઠવાના ઘર આગળ આઈસર ટેમ્પોમાં ડી.જે. સીસ્ટમ રાખેલ હતું. આ ડી.જે. સીસ્ટમ જેમાં બે એમ્પલીફાયર, પ્રોસેસર મળી ૫૮,૦૦૦/- રૂપીયાના મુદ્દામાલ ચોરી કરી જતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરા તાલુકાના વલ્લભપુર ગામે નલ સે જલ યોજના અંતર્ગત રસ્તા તોડી નાખતાં કાવદ-કીચડથી રાહદારીઓ પરેશાન



શહેરા, શહેરા તાલુકાના વલ્લભપુર ગામ ખાતે નલ સે જલ યોજનાની પાઇપ લાઇનની કામગીરી દરમિયાન રસ્તાઓ વચ્ચેથી તોડી નાખ્યા બાદ યોગ્ય રીતે તેની મરામત નહિ કરવામાં આવતા વાડી તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી દ્વારા તાલુકા પંચાયત કચેરી સહિત અન્ય કચેરીને રજૂઆત કરાઈ છે. ગામના મહત્વના અવર જવરના રસ્તા ઉપર કાદવ-કિચડ હોવાથી વાહન ચાલકો સાથે રાહદારીઓને ભારે તકલીફ પડી રહી છે.

શહેરા તાલુકાના વલ્લભપુર ગામ ખાતે પાછલા કેટલાક મહિનાથી નલ સે જલ યોજનાની પીવાના પાઈપલાઈનની કામગીરી ચાલી રહી છે. આ પાણીની પાઇપ લાઇન નાખવાની કામગીરી દરમિયાન આ ગામના મહત્વના રસ્તાઓ વચ્ચેથી તોડી નાખવામાં આવ્યા બાદ યોગ્ય રીતે તેની મરામત નહિ કરવામાં આવતા ગ્રામજનોને ભારે તકલીફ પડી રહી છે. આ ગામના જાગૃત નાગરિક અને તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી દ્વારા તાલુકા પંચાયત કચેરી તેમજ લાગતી વળગતી કચેરી ખાતે લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હોય તેમ છતાં આ જવાબદાર તંત્રના અધિકારીઓ દ્વારા આ બાબતે ગંભીરતા લેવામાં નહીં આવતા જાગૃત નાગરીકોમાં છુપો રોષ આ સામે જોવા મળી રહયો હતો. જ્યારે આ ગામના રસ્તા ઉપર કાદવ-કિચડનું સામ્રાજ્ય હોવા સાથે ખાડાઓમાં ગંદુ પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધી જવા સાથે રોગચાળો ફેલાય તેવી શકયતાઓ પણ જોવા મળી રહી હોય ત્યારે આરોગ્ય વિભાગ આ ગામની મુલાકાત લઈને ચોમાસાની ઋતુની કામગીરી કરે તે પણ જરૂરી છે.

# નગર પાલિકા ગોધરા તથા વરદાન ટ્રસ્ટ દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો



ગોધરા, નગરપાલિકા ગોધરા તથા વરદાન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ઈગલ ગ્રુપ ગોધરા દ્વારા વિવિધ મહાનુભાવોનો સન્માન કાર્યક્રમ સરદાર નગર ખંડ ગોધરા ખાતે ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેવા નગરપાલિકા ગોધરાના પ્રમુખ સંજયભાઈ સોની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

વરદાન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના અદયક્ષ મેહુલ ચાંપાનેરીયા તથા ઈગલ ગ્રુપ ગોધરા ના પરિવારજનોએ છેલ્લા અઠવાડિયાની સતત મહેનત કરી કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન કર્યું હતું.

આ પ્રસંગે સફાઈ કામદારોને સર્ટીફીકેટ આપી તેમની કામગીરીને નગરપાલિકા દ્વારા બિરદાવવામાં આવી હતી. જ્યારે ગોધરાના સેવાભાવી મહાનુભાવોનું વિશેષ સન્માન ઈગલ ગ્રુપ દ્વારા કરાયું હતું. જેમાં ખાસ ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીનું ગોધરા રત્ન એવોર્ડ આપી સન્માન કરાયું હતું. જ્યારે અન્ય મહાનુભાવોમાં લારા હોસ્પિટલના ડો. સુજાત વલી, કોમર્સ કોલેજ ગોધરાના પ્રિન્સિપાલ ડો. અરૂણસિંહ સોલંકી તથા પ્રો.ડો. આનંદ ઘડિયાળીનું પણ આ પ્રસંગે સન્માન કરાયું હતું.

ટ્રસ્ટના અદયક્ષ એવા મેહુલ ચાંપાનેરીયાની સુંદર કામગીરીને ગોધરા વાસીઓએ બિરદાવી હતી. ખાસ કરી સુરેશભાઈ ભોઈ, નગરપાલિકાના મુકેશભાઈ પટેલ, કાઉન્સિલર રાકેશભાઈ રાણા, સી.એસ.સી.ના ડી.એમ.વનરાજ ચાવડા, કેતનભાઈ ભોઈ તેમજ પ્રદિપસિંહ સોલંકીને લોકોએ વખાણ્યા હતા.

# ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૨૯ સફળ પ્રસુતિ કરાવી ઉત્તમ કામગીરી કરી



ઘોઘંબા, ઘોઘંબાની રેફરલ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ પ્રસૃતિ કરાવીને ઉત્તમ કામગીરી કરવામાં આવી.

ઘોઘંબાની રેફરલ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં હોસ્પિટલના તબીબ પારસભાઈ પટેલ અને સ્ટાફ દ્વારા ૨૯ જેટલી સર્ગભા માતાઓની સામાન્ય પ્રસૃતિ કરાવીને સમાજ માટે તેમજ સામાન્ય લોકો માટે ખૂબ ઉત્તમ ઉદાહરણ કામગીરી કરવામાં આવી છે. સામાન્ય રીતે પ્રસૃતિ સર્ગભા માતા અને તબીબ તેમજ સ્ટાફ માટે જોખમી કેસ બનતા હોય છે. ઘોઘંબા રેફરલ હોસ્પિટલના કુશળતા ધરાવતા તબીબ અને મેડીકલ સ્ટાફના સઘન પ્રયત્નોથી માત્ર ૨૪ કલાકમાં ૨૯ જેટલી પ્રસૃતિ કરાવીને પ્રસંશનિય કામગીરી કરવામાં ઘોઘંબા પંથકની જનતા હોસ્પિટલના તબીબ અને સ્ટાફની કામગીરી સરાહના કરી અભિનંદન પાઠવવામાં આવ્યા.